
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાલુ આ સમજાતું નથી ટાઢ વાય છે ત્યારે વાઈબ્રન્ટ કરે છે કે... વાઈબ્રન્ટ થાય છે ત્યારે ટાઢ વાય છે..?

# સરકારી કર્મચારીઓએ ગાંધીનગરમાં રાહતદરના પ્લોટ માગ્યા, ધારાસભ્યોની માગણી પેન્ડીંગ

## પાટનગરમાં અધિકારી-કર્મચારી અને પ્રજાના પ્રતિનિધિઓને હવે પ્લોટ મળતા નથી, શહેરમાં માત્ર ૩૬૦૦ પ્લોટ બાકી રહ્યાં છે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં રાજકીય નેતાઓ, અધિકારીઓ તેમજ કર્મચારીઓને રહેણાંકના પ્લોટ રાહત દરે આપવાની નીતિ હોવા છતાં છેલ્લા કેટલાક વર્ષોથી રાહતદરના પ્લોટ ફાળવવામાં આવતા નથી. પ્લોટ નહીં મળવાના કારણોમાં મુખ્યત્વે જમીનનો અભાવ અને અદાલતી ચૂકાદો છે. અગાઉ જેમને રાહતદરના પ્લોટ આપવામાં આવ્યા હતા તેમાં નફાખોરી કરીને વેચી દેવાનું સામે આવ્યું છે.

ગાંધીનગરમાં સરકારે અત્યાર સુધીમાં ધારાસભ્યો, સંસદસભ્યો, અધિકારીઓ તેમજ કર્મચારીઓને વિવિધ કેટેગરીના ૨૩ હજાર કરતાં વધુ પ્લોટ ફાળવ્યા છે જે પૈકી ૩૫ ટકા પ્લોટ અથવા તો તેના પર બનાવેલા આવાસ ઉંચો નફો લઈને વેચી દીધા છે. આ નફાખોરી સામે અદાલતમાં થયેલી એક પિટીશનના આધારે પ્લોટ આપવા સામે મનાઈહુકમ આપવામાં આવ્યો છે.

બીજી તરફ વિસ્તરિત થયેલા ગાંધીનગરના સેક્ટર-૧ થી સેક્ટર-૩૦માં હવે રહેણાંકના પ્લોટ વધ્યા નથી. વિવિધ સેક્ટરોમાં રહેણાંક માટેના ૩૬૦૦ પ્લોટ બચ્યાં છે. રાજ્યના માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે હાઈકોર્ટમાં ચાલી રહેલા કેસમાં બીજી નવેમ્બર ૨૦૧૨થી મૂકવામાં આવેલા મનાઈહુકમના કારણે રાહતદરના પ્લોટની ફાળવણી કરવામાં આવતી નથી.

એટલું જ નહીં ૨૮મી ઓગષ્ટ ૨૦૧૭ના રોજ હુકમની વિગતોએ સુઓમોટોનો આ કેસ સુપ્રીમ કોર્ટમાં તબદિલ કરવામાં આવ્યો છે અને હાલ આ મામલો સુપ્રીમ કોર્ટમાં પડતર છે તેથી સરકાર પ્રજાના પ્રતિનિધિઓ તેમજ અધિકારી-કર્મચારીઓને રાહતદરના પ્લોટ આપી શકતી નથી.

ગાંધીનગરમાં જે ખાલી પ્લોટ રહ્યાં છે તેમાં ૫૦ ચોરસમીટર, ૭૦ ચોરસમીટર, ૮૧ ચોરસમીટર, ૯૦ ચોરસમીટર, ૧૩૫ ચોરસમીટર, ૨૦૦ ચોરસમીટર, ૨૫૦ ચોરસમીટર અને ૩૩૦ ચોરસમીટરના પ્લોટ છે. એ ઉપરાંત ૫૦૪ ચોરસમીટર, ૯૮૦ ચોરસમીટર, ૧૧૫૦ ચોરસમીટર અને ૧૬૫૦ ચોરસમીટરના પ્લોટ આવેલા છે. આ તમામ પ્લોટ રહેણાંક માટેના છે.

ગાંધીનગરમાં સામાન્ય રીતે રાજકીય નેતાઓ અને ઉચ્ચ અધિકારીઓને ૩૩૦ ચોરસમીટરના પ્લોટ આપવામાં આવે છે જ્યારે કર્મચારીઓને ૮૧ થી ૨૫૦ ચોરસમીટરના પ્લોટ અપાયા છે. અગાઉ અપાયેલા તમામ પ્લોટ રાહત દરે સરકારે આપ્યા છે પરંતુ પ્લોટ ધારકોએ સમયજતાં તેનો બજાર ભાવમાં સોદો કરીને ખુલ્લા બજારમાં વેચી માર્યા છે. પ્લોટનું આવું વેચાણ અટકાવવા માટે અદાલતમાં વખતો વખત પિટીશન કરવામાં આવેલી છે.

## ખૂણેખાંચરેથી

- વાયબ્રન્ટ સમીટને લઈ ગાંધીનગરની ત્રણ અને અમદાવાદની બેહોટલોમાં બુકિંગ મહેમાનો માટે કરાવાયુ છે.
- નારણપુરા શ્રીમાળી સોની યુથ સર્કલનો ૨૧મો સ્નેહમિલન સમારોહ ૧૯મીના રોજ યોજાશે.
- એન.સી.ઈ.આર.ટી. દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ સંદર્ભે સર્વે શરૂ કરાયો છે. તેમાં સૌને પ્રતિભાવ આપવા શિક્ષણ વિભાગે અપીલ કરી છે અને તે માટે લીંક પણ જાહેર કરી છે.
- શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરીએ આજે રાજ્યના ૮ કમિશનરો સાથે વિડીયો કોન્ફરન્સથી સમીક્ષા બેઠક યોજી હતી. એન.ઓ.સી. અને બી.યુ. પરમિશનના મુદ્દે આક્રમક પગલાં લેવામાં તંત્ર આગળ વધે તેવા સંકેતો આપવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાંઅને કલેક્ટર ઓફિસમાં પંચાયતોની ચૂંટણીને પગલે મુલાકાતીઓની સંખ્યા ઓછી હતી.
- સે. ૨૨, ૨૯, ૩૦ માં કપિરાજના તોફાનો વધતાં વસાહતીઓમાં ભયની લાગણી ઉભી થઈ છે.
- જર્મનીથી આવેલ પાંચ વર્ષની બાળકીને સાદો કોરોના હોવાનું તારણ મળતાં મનપા તંત્રએ હાશ અનુભવી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર મનપામાં ચોથા માળે મેયર સહિતના પદાધિકારીઓની ચેમ્બર બહાર વૃક્ષોના કુંડા મુકી ''ગ્રીન ગાંધીનગર ગ્રીન ગુજરાત''નો સંદેશ આપવાનો પ્રયાસ કરાયો છે.
- યુવા અગ્રણી અને સહકારી આગેવાન ઘનશ્યામ પટેલનો નશ્વરદેહ આજે પંચમહાભૂતમાં વિલીન થયો છે.

## પંચદેવ મંદિર ખાતે સાત દિવસીય શ્રીમદ ભાગવતકથાનો શુભારંભ

ગાંધીનગર, તા. ૧૭

ધનુરમાસના પવિત્ર દિવસોમાં આજ રોજ પંચદેવ મંદિર ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરેલ છે. જે બપોરે ૨ થી૫ કલાકે ગોસ્વામી સંજયભારતી મહારાજની વ્યાસ પીઠે ભવ્ય શ્રીમદ ભાવગત કથા યોજાશે અને દક્ષાબેન રામચંદ્ર પંચોલી પરિવારના નિવાસસ્થાને પ્લોટ નં. ૧૫૪/૨ યોગીવિલા ફલેટ આનંદવાટીકા સે-૨ ૨થી પોથીયાત્રા બપોરે ૧ કલાકે પંચદેવ મંદિરે જશે. આ સાત દિવસીય શ્રીમદ ભાગવત કથાની અંદર અલગ અલગ પ્રસંગો ખૂબ ધામધૂમથી ઉજવાશે. આ ભાગવત કથામાં સૌને સહ પરિવાર પધારવા સુંદરધામ પરિવાર અને પંચોલી પરિવાર દ્વારા હાર્દિક નિમંત્રણ આપવામાં આવ્યુ છે.

## સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતેથી પ્લેઝરની ચોરી

ગાંધીનગર, તા૧૭

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલા સ્વાગત રેઈનફોરેસ્ટ-૨ના પાર્કિંગમાંથી હીરો હોન્ડા કંપનીના પ્લેઝર ટુ-વ્હીલરની ચોરી થવા પામી છે. સર્વિસમાં આપેલા બાઈક લેવા ગયા તે સમયમાં જ પ્લેઝરની ચોરી થઈ હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ શિવાબ્લેસીંગ સી-૨૦૧ ખાતે પાર્થ રસિકભાઈ સથવારા પોતાના પરિવાર સાથે રહે છે અને સરગાસણ ખાતે આવેલી કાસ્ટર એન્ડ કંપનીમાં માર્કેટીંગ મેનેજર તરીકે નોકરી કરે છે. નોકરી પર આવન જાવન માટે પ્લેઝર (સ્કુટી) નં. જી.જે.૧૮.એ.એન.-૪૨૫૪ નો ઉપયોગ કરતા હતા. ગત તા.૧૧ ના રોજ પાર્થ તેમજ તેનો ભાઈ પ્રિત ઘરેથી સાંજના ૭ વાગ્યાના સમયે કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતે હોન્ડા શો રૂમ પર સર્વિસમાં આપેલુ બાઈક લેવા માટે ગયા હતા. તે સમયે પ્લેજર શો રૂમના પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. ગણતરીની મિનીટમાં સર્વિસમાંથી બાઈક લઈને પરત ફર્યા હતા. તેટલીવારમાં પાર્ક કરેલી જગ્યા પર પ્લેઝર દેખાયુ ન હતું. જેથી આસપાસમાં પુછપરછ કરી હતી. પોતાની રીતે પણ શોધખોળ કરવા છતા મળી આવ્યું ન હતું. જેથી ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૧૦ હજારના પ્લેઝર ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ આદરી છે.

## જીવનઆસ્થા હેલ્પલાઈન દ્વારા સીઆરપીએફ ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટ સેમીનાર યોજાયો



ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા કાર્યરત જીવનઆસ્થા હેલ્પલાઈન દ્વારા સી.આર.પી.એફ. કેમ્પ ખાતે આત્મહત્યા નિવારણ તથા સ્ટ્રેસ મેનેજમેન્ટ પર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના વિવિધ સ્થળોએ સીક્યોરીટી ફરજ બજાવતા જવાનો તથા અધિકારીઓમાં કુટુંબથી દૂર રહી ફરજ બજાવામાં તથા કામના ભારણને લીધે અનુભવાતા માનસિક તાણને કઈ રીતે હળવો કરી શકાય તે માટે જીવનઆસ્થા હેલ્પલાઈનના લાયઝન અધિકારી પ્રવિણ વલેરા તથા સીનીયર કાઉન્સીલર પ્રિયંકા અડાલજા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમીનારમાં સી.આર.પી.એફ.ના ડી.આઈ.જી. નિલમ શ્રીવાસ્તવ તેમજ મોટી સંખ્યામાં અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હિમાલયન મેડીટેશન કેમ્પ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

જાણીતા મેડીટેશન એક્સપર્ટ મહર્ષિ શ્રી શીવકૃપાનંદ સ્વામી દ્વારા હિમાલયન મેડીટેશન કેમ્પનું આયોજન આગામી તા. ૧૯મી ડિસેમ્બરના રોજ સાંજે ૪ થી ૭ દરમ્યાન કરવામાં આવ્યું છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી અને શ્રી શીવકૃપાનંદ સ્વામી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે કશ્યપ ઓડિટોરીયમ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપર યુનિવર્સિટી, એસ.જી.હાઈવે, છારોડી ખાતે આ હિમાલયન મેડીટેશન કેમ્પ યોજાશે. આ કેમ્પ અંગે વધુ માહિતી મેળવવા ૯૫૧૨૦૧૦૦૮ અને ૯૦૧૬૪૩૨૮૩૭ પર સંપર્ક સાધી શકાશે.

## ઝુંડાલ પાસે આઈશર પલ્ટી મારી જતા પરિવારના સભ્યોને ઈજા

ગાંધીનગર, તા.૧૭

છાપી અસ્થિ પધરાવી પરત ફરી રહેલા સાબરમતિના પટ્ટણી પરિવારને ઝુંડાલ પાસે અકસ્માત નડ્યો હતો. ઝુંડાલ કેનાલ ઉતરતા આઈશર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રોડ વચ્ચેના ડીવાઈડરની પાળી સાથે ટકરાયા બાદ પલ્ટી મારી જતા અંદર બેઠેલા ૨૦ જેટલા વ્યકિતઓને નાની મોટી ઈજા પહોંચી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાબરમતિ પોલીસ ચોકીની સામે કૈલાશનગર ભીલવાસ ખાતે રહેતા ૫૦ વર્ષિય શારદાબેન કસ્તુરભાઈ પટ્ટણી પરિવાર સાથે રહે છે અને શાકભાજીનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. શારદાબેન પરિવારના ૨૦ જેટલા સભ્યોને લઈ તેઓના જેઠના અસ્થિ વિસર્જન માટે આઈશર જી.જે.૧૫.વાય.વાય.-૦૪૯૦ લઈ છાપી ગયા હતા. છાપી અસ્થિ વિસર્જન કરી છાપી થી પરત સાબરમતિ પરત ફરી રહ્યા હતા. તે સમયે શારદાબેનનો દિકરો કમલેશ આઈસર ચલાવી રહ્યો હતો. ત્યારે અડાલજ બાલાપીર સર્કલ થી ઝુંડાલ અંડરબ્રિજ જતા માર્ગ પર આઈશર રેલાતા તેઓએ દિકરાને આઈશર ધીમે ચલાવવા માટે કહ્યું હતું. પરંતુ આઈશર ધીમુ ચલાવ્યું નહી અને આગળ જઈને ચાર વાગ્યાના અરસામાં ઝુંડાલ કેનાલ ઉતરતા ગોકુલ હોટલની સામે માર્ગ વચ્ચે ડીવાઈડરની પાળી સાથે ટકરાયા બાદ પલ્ટી મારી ગયું હતું. જેથી અંદર રહેલા પરિવારના સભ્યોએ બુમાબુમ કરી દીધી હતી. આઈશર ટ્રક પલ્ટી મારી જતા અંદર બેઠલા વ્યકિતઓને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. કેટલાક ઈજાગ્રસ્તોને સારવાર માટે સોલા તેમજ અસારવા લઈ ગયા હતા. બનાવ અંગે આઈશર ટ્રકના ચાલક સામે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ઢોલીવુડના કલાકાર રાકેશ પાંડે સાથે અજાણ્યા શખ્સે "તુ કેમ ગોવિંદ ઠાકોર બનીને ફરે છે" તેમ કહી ઝપાઝપી કરી

ગાંધીનગર, તા.૧૭

શહેરને અડીને આવેલી ઈન્ફોસીટી સુપરમોલ-૧ ખાતે પોતાની ઓફિસના પગથીયા ચડી રહેલા ગુજરાતી ફિલ્મના કલાકાર રાકેશ પાંડેને અજાણ્યા શખ્સે "તુ કેમ ગોવિંદ ઠાકોર બનીને ફરે છે" તેમ કહી ગાળાગાળી અને ઝપાઝપી કરી હતી. આ ઝપાઝપી દરમિયાન કલાકાર રાકેશ પાંડેની ઘડીયાળ તુટી ગઈ હતી. જયારે અજાણ્યા શખ્સે "આજે તો તને જવા દવ છું" "ફરીથી આવો રોલ કરીશ તો જાનથી મારી નાંખીશ" તેમ કહી નાસી ગયો હતો. આ બનાવ અંગે રાકેશ પાંડેએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ઈન્ફોટીસી ટાઉનશીપ બી-૨૪ ખાતે ગુજરાતી ફિલ્મ કલાકાર રાકેશ પાંડે પરિવાર સાથે રહે છે. જયારે રાકેશ પાંડની સુપરમોલ-૧ ખાતે ૨૧૬ બીજા માળે ઓમ મોશન પીકચર નામની ઓફિસ આવેલી છે. ઘરે થી સવારે ૧૧ વાગ્યાના અરસામાં રાકેશ પાંડે તેમની ઓફિસ ખાતે જઈ રહ્યા હતા. તે સમયે પ્રથમ માળે એક શખ્સ જેને રાકેશ પાંડે સત્યેન્દ્ર યાદવ તરીકે ઓળખે છે. તે વ્યકિત કંઈ પણ કહ્યું નહી હોવા છતા તુ કેમ ગોવિંદ ઠાકોર બનીને ફરે છે તેમ કહીને ગાળાગાળી કરી હતી. અપશબ્દો બોલવાની ના પાડતા તે શખ્સ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ઝપાઝપી કરીને કોલર પકડી પાડ્યો હતો. રાકેશ પાંડેએ કોલર છોડાવી દુર કરતા તેણે ડાબો હાથ પકડતા ઝપાઝપીમાં કાંડા ઘડીયાળ તુટી ગઈ હતી. જયારે સત્યેન્દ્ર યાદવે આજે તો તને જવા દવ છુ, ફરીથી આવો રોલ કરીશ તો જાનથી મારી નાંખીશ તેમ કહી નાસી ગયો હતો. આ માથાકુટની જાણ થતા આસપાસના વેપારીઓ તેમજ સ્ટાફના કર્મચારીઓ પણ આવી ગયા હતા. ત્યારબાદ બનાવ અંગે ફિલ્મ કલાકાર રાકેશ પાંડેએ ઈન્ફોસીટી પોલીસ મથકે સત્યેન્દ્ર યાદવ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## આત્મન ફાઉન્ડેશનના રેવા ગ્રામમાં શાકોત્સવ યોજાયો





ગાંધીનગર, તા.૧૭

માણસા તાલુકાના મકાખાડ ખાતે આત્મન ફાઉન્ડેશન સંચાલિત નિર્માણ પામનાર રેવા ગ્રામ સેવા સંકુલના આંગણે તાજેતરમાં શાકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે મકાખાડ ગામની બહેનોના ભજન મંડળ દ્વારા સુંદર ભજનોની સુરાવલીઓ રજૂ કરવામાં આવી હતી. માયાબેન ચૌહાણે પણ ભજન ગાયાં હતાં. માણસાના યુવા મિત્રો, ગ્રામ ભારતીના વિદ્યાર્થીઓ, મકાખાડ ગામના ભાઈ - બહેનોએ, જયંતીભાઈ ચૌધરી, સાહિલભાઈ, પ્રધ્યોતભાઈ, પ્રો. રાજેન્દ્રભાઈ, અનિલભાઈ રાવલ વગેરેએ શાકોત્સવને સફળ બનાવવા સારી જહેમત ઉઠાવી હતી. બહેનોએ ચૂલા પર ગરમ રોટલા બનાવી પ્રસાદ રૂપે પીરસ્યા હતા. સંસ્થાના કનુભાઈ ચૌધરી, સી.એલ. મહેતા, પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલા, અનિલભાઈ પટેલ, પ્રજ્ઞાબેન પટેલ વગેરેએ સહુને આવકાર્યા હતા. અમદાવાદ, ગાંધીનગર, માણસા, વિજાપુર, દીવ - એમ વિવિધ સ્થળેથી મહાનુભાવો, શિક્ષકો, કલાકારો, ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. શિયાળાની ઋતુમાં દેશી ભોજન પ્રસાદનો આનંદ માણ્યો હતો.

## આજે પીડીઈયુ ખાતે હોલિસ્ટિક હેલ્થકેર : વાઈબ્રન્ટ પ્રિ-ઈવેન્ટ

### કેન્દ્રીય આરોગ્યમંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા અને ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ : એક દિવસિય સમિટમાં તજજ્ઞોની ઉપસ્થિતિમાં વિવિધ ટેકનિકલ સત્રો યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

૧૦મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે આવતીકાલે તા. ૧૮ ડિસેમ્બરના રોજ 'હોલિસ્ટિક હેલ્થકેર:ફોકસ ઓન ફાર્માસ્યુટિકલ્સ એન્ડ મેડિકલ ડિવાઈસીસ' વિષયક એક દિવસીય પ્રિ-ઈવેન્ટ સમિટ યોજાશે.

પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી-પીડીઈયુ ગાંધીનગર ખાતે આવતીકાલે સવારે ૯.૩૦ કલાકે યોજાનાર પ્રિ-ઈવેન્ટ સમિટમાં અતિથિ વિશેષ તરીકે કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયા જ્યારે ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, આરોગ્ય રાજ્યમંત્રી નિમિષાબેન સુથાર તેમજ કેન્દ્ર સરકારના ફાર્માસ્યુટિકલ સચિવ એસ.અપર્ણા વિશેષ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ હાજર રહેશે.

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ધ્વારા પીડીઈયુ ખાતે યોજાનાર એક દિવસીય પ્રિ-ઈવેન્ટમાં દિવસ દરમિયાન એફડીસીએ અને જીએમએસસીએલ વિષય ઉપર વિવિધ તજજ્ઞોની ઉપસ્થિતિમાં ટેકનીકલ સેશન તેમજ પેનલ ડીસ્કશન યોજાશે તેમ ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશનર ડૉ. એચ.જી. કોશિયાની યાદીમાં જણાવાયું છે.

